ઈડર ડેપોના બસ કંડકટરને મોબાઈલ બસમાંથી મળતા મૂળ માલિકને પરત કર્યો

નેત્રામલી : ઈડર ડેપો દ્વારા ચાલતી એક્સપ્રેસ બસ ઈડર - બોડેલી જે બોડેલી થી પરત ઈડર આવવા માટે સવારે નિયત સમયે ઉપડી હતી ત્યારે તેમાં ખાધોલ ગામનો યુવાન કલ્પેશભાઈ મકવાણા ઈડર આવવા માટે બેઠો હતો. ઈડર સ્ટેન્ડ આવતા મુસાફર કલ્પેશભાઈ ઉતરી પોતાના ઘરે જતા રહ્યો હતો. ત્યારે બસ વર્કશોપ માં જતા બસનાં કંડકટર કલ્પેશ રામી એ બસ ચેક કરતાં સીટ ઉપરથી મોબાઈલ મળી આવ્યો હતો. ત્યારે તેમણે મોબાઈલ ના મૂળ માલિકને જાણ કરી ડેપોમાં ફરજ બજાવતા ટી.આઈ વિક્રમસિંહ અને એ.ટી.આઈ નિશીતભાઈ નાયક ની હાજરીમાં મોબાઈલ મૂળ માલિકને પરત કર્યો હતો. એસ.ટી સ્ટાફ અને મોબાઈલ માલિકે બસ કંડકટરની પ્રમાણિકતાને બિરદાવી હતી.

માલગઢમાં ગોગાજી,ભેરૂજી અને રામદેવ પીરજીની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે યજ્ઞ યોજાયો

ડીસા તાલુકાના માલગઢ ગામની જોધપુરીયા ઢાંણીના ઢેકુડી વિસ્તારમાં રહેતાં સ્વ. ચેનાજી અનાજી પઢિયાર પરિવાર તરફથી નવિન મંદિરમાં ગોગાજી, ભેરૂજી અને રામદેવ પીરજીની બે દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરાઈ હતી. જેમાં ગુરૂવારે રાત્રે પ્રથમ દિને સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ હતી. ત્યારબાદ ભજન સંધ્યા (ડાયરો) માં કલાકારોએ ભાવિક ભક્તોને મોડી રાત સુધી ડોલાવ્યા હતા. જ્યારે બીજા દિવસે શુક્રવારે સવારે વાજતે-ગાજતે વિશાળ શોભાયાત્રા યોજાઈ હતી. ત્યારબાદ ગોગાજી, ભેરૂજી અને રામદેવ પીરજીની નવિન મંદિરમાં વાજતે-ગાજતે ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે સ્થાપના કરાઈ હતી. ત્યારબાદ યજ્ઞના મુખ્ય યજમાન હરીજી ચેનાજી પઢિયાર અને હંસરાજભાઈ શંકરજી પઢિયારે લ્હાવો લીધો હતો. જેમાં યજ્ઞના આચાર્ય ભરતભાઈ જયંતિભાઈ વ્યાસના વેદાંત મંત્રોચ્ચાર સાથે ભાવિક ભક્તોએ યજ્ઞમાં આહુતી આપી ધન્યતા અનુભવી હતી. જ્યારે ભાવિક ભક્તોએ ભોજન પ્રસાદનો લ્હાવો લીધો હતો. જ્યારે પ. પૂ. ગુરુ શ્રી માનગર તેજગર ગૌસ્વામીએ ભાવિક ભક્તોને આર્શિવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે રમેશકુમાર પઢિયાર, સુરેશકુમાર પઢિયાર અને ચોથાજી પઢિયાર, સમસ્ત પઢિયાર પરિવાર, ગ્રામજનો અને ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પ્રાંતિજના ધડકણ ખાતે પાવાંજી માતાજી નો ચતુર્થ પાટોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે આવેલ શ્રી પાવાંજી માતાજી નો ચતુર્થ પાટોત્સવ યોજાયો હતો જેમાં ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન કરી ધન્યતા અનુભવી હતી પ્રાંતિજ ના ધડકણ ખાતે આવેલ શ્રી પાવાંજી માતાજીનો એક દિવસીય ચતુર્થ પાટોત્સવ યોજાયો હતો જેમાં નવ ચંડીયજ્ઞ , મહાયજ્ઞ આરતી સહિતના દિવસ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા તો મહાયજ્ઞ ના મુખ્ય યજમાન તરીકે પિન્ટુ ભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ દ્વારા ધર્મ લાભ લીધો હતો તો ૧૭ યજમાનોએ યજ્ઞ નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી તો યજ્ઞ ની વિધિવત્ રીતે પૂજા રાહુલભાઈ જોષી દ્વારા કરવામાં આવી હતી તો એક દિવસીય પાટોત્સવ દરમ્યાન ધજારોહણ, હવન, આરતી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં તો રાત્રી દરમ્યાન રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તો આ પાટોત્સવ ચેખલિયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

ડીસાની નવજીવન બી.એડ કોલેજમાં વન મિનિટ ગેમ શોનું આયોજન કરાયું

ડીસા ખાતે આવેલી શ્રી નવજીવન બી.એડ કોલેજ ખાતે એક મિનિટ શો રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીંબુ ચમચી, સોયમાં દોરો પરોવવો, ફુગ્ગા ફુલાવવા ,બિસ્કીટ ખાવા, લોટમાંથી ચોકલેટ નીકાળવી, ચાંદલા ચોટાડવા વગેરે જેવી રમતો રાખવામાં આવી હતી. જેમાં સેમેસ્ટર ૦૨ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાથે સાથે બી.એડ કોલેજના અધ્યાપકોએ પણ ભાગ લીધો હતો. આ બાબતે અધ્યાપક અમિતકુમાર સોલંકીએ જણાવ્યું કે એક્ટિવિટી બાય લર્નિંગ ના અભિગમથી આજરોજ વન મિનિટ ગેમ શો નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ નાની-મોટી રમત દ્વારા કેવી રીતે કૌશલ્ય વિકસાવી શકાય છે તે અંગે તાલીમાર્થીઓએ નવીન જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડોક્ટર સોનલબેન પ્રજાપતિ ,અધ્યાપક નીરવભાઈ પરમાર, અમિતકુમાર સોલંકી, જયેશભાઈ ઠક્કર, અમિતભાઈ ઠાકર બીનાબેન પટેલ, રમેશભાઈ પટેલ લાઈબ્રેરીયન મહેશભાઈ ચૌધરી તથા ક્લાર્ક અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય સંયુક્ત મોરચો સાથે ૪૮ અન્ય સંગઠનો દ્વારા ગાંધીનગર ખાતે સેક્ટર ૬મા જુની પેન્શન યોજના માટે ધરણા કાર્યક્રમ યોજાયો હતો.જેમા રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ તથા તમામ સંગઠનના પ્રમુખ તેમજ ઉપપ્રમુખ અને જીલ્લા.. તાલુકાના સદસ્યોના સહયોગથી અંદાજે ૪૭૦૦૦ હજાર કર્મચારીઓ ઉમટી પડ્યા હતા ને સરકાર ના કાને નિવૃત્ત થયા પછી શિક્ષકના જીવન નિર્વાહ માટેની આ મહા સમસ્યાનો નીવેડો લાવે તેવી હૈયાધારણા આપી છે. સોમવારે સવારે પ્રાથમિક વિભાગના ધરણા કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

મઉટાંડામાં ઘરનો દરવાજો ખોલી તસ્કરોએ રૂા. ૨.૬૪ લાખની મત્તા ઉસેડી : પરિવાર ઘરમાં સૂતો રહ્યો અને તસ્કરોએ હાથ ફેરો કર્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭ ભિલોડા તાલુકાના મઉટાંડા ગામે વણઝારા પરિવાર ઘરમાં સૂતો હોવા છતાં તસ્કરે દરવાજો ખોલી ઘરની અંદર પ્રવેશી ૨,૬૪,૦૦૦ની મત્તા ઉસેડી પલાયન થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ભિલોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તસ્કરોએ તરખાટ મચાવતાં પોલીસ ઉંઘા માથે થઈ છે. તાલુકાના મઉટાંડા ગામના પોપટ ગુલાબભાઈ વણઝારા અને તેમનો પરિવાર તા.૪ ની રાત્રે ઘરમાં સૂતો હતો જે સમયે કોઈ તસ્કરે દરવાજો ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો જેમાં પેટીનું તાળું તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના મળી રુ. ૧,૧૪, ૦૬૦ ના ઘરેણાં તેમજ રુ ૧, ૫૦, ૦૦૦ની રોકડ રકમનો હાથફેરો કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સવારે ઘરમાં પેટી તેમજ અન્ય સરસામાન વેરવિખેર જોતાં વણઝારા પરિવારે આંચકો અનુભવ્યો હતો. તપાસ કરતાં કોઈ તકર ચાલાકીપૂર્વક ઘરનો દરવાજો ખોલી અંદર પ્રવેશ્યા પછી દાગીના સહિત રોકડ રકમ ચોરી ગયો હોવાનું જણાઈ આવતાં પોલીસને જાણ કરી હતી. પોલીસ દ્વારા તસ્કરોનું પગેરુ મેળવવા માટે એફ.એસ.એલ. તેમજ ડગ સ્કવોર્ડની મદદ લેવામાં આવી છે ખેતી ઉપર ઘરનું ગુજરાન ચલાવનાર પરિવારના ઘરમાં તસ્કરો હાથફેરો કરી જતાં પરિવાર સ્તબ્ધ બન્યો છે.

પશુપાલકોની ઉંઘ હરામ કરતા પશુ તસ્કરો: મુડેટીના ખેતરમાંથી માલધારીનાં ૨૭ ઘેટાંની ચોરી

રાત્રિના સમયે પશુ તસ્કરો ત્રાટક્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

પશુ તસ્કરોએ પશુપાલકોની ઉંઘ ઉડાવી છે. ઈડર તાલુકાના મુડેટી ગામના ખેડૂત પરિવારના ખેતરમાં પડાવ નાખનાર માલધારીના વાડામાંથી પશુ તસ્કરો મોડી રાત્રે ત્રાટકી ૪ ૮૧ હજારની કિંમતના ૨૭ ઘેટાં ચોરી પલાયન થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ઈડર પોલીસે પશુ તસ્કરીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

છેલ્લા કેટલાય સમયથી પશુ તસ્કરીના બનાવોમાં સતત વધારો થયો છે. ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોક્કસ પશુ ચોર ટોળકીએ પશુપાલકોની ચિંતા વધારી છે. તાલુકાના મુડેટી ગામની સીમમાં ખેડૂત દિનેશભાઈ પટેલના ખેતરમાં ઘેટાં-બકરાં સાથે પડાવ નાખનાર માલધારી વસનરામ કાળાજી રબારી અને હંસારામ રબારી માંડી રાત્રે સૂતા હતા તે સમયે ઘેટાંના વાડામાં પશુ તસ્કરો ત્રાટક્યા હતા જેમાં નાનાં-મોટાં ઘેટાં મળી કુલ-૨૭ ઘેટાં ઉઠાવી પશુ તસ્કર ફરાર થઈ ગયા હતા. વાડામાં પશુ તસ્કરો ત્રાટકયા હોવાનો અણસાર મળતાં માલધારી સફાળા જાગી ગયા જેમાં પડકાર ફેંકતાં પશુ તસ્કર ૩ ઘેટાં મરચાંના વાવેતરવાળા ખેતરમાં મૂકી ફરાર થઈ ગયાનું જાણવા મળ્યું છે. જ્યારે ૨૭ ઘેટાં ચોરી જવામાં પશુ તસ્કરો સફળ રહ્યા હતા. રાજસ્થાનના જાલોર જિલ્લાના આહોર ગામના માલધારી પરિવારો ઘણા સમયથી મુડેટી ગામની સીમમાં ઘેટાં સાથે પથારો નાખી વસવાટ કરી રહ્યા છે પરંતુ એક પછી એક પશુ તસ્કરીના બનાવોએ માલધારીઓને ચિંતામાં મૂક્યા છે.

દીગથલી ગ્રામ પંચાયત તાબાના ગામડાઓમાં મનરેગાનાં કામ શરુ કરવા માંગ...!!?

રોજગારીના અભાવે શ્રમજીવીઓની હાલત કફોડી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

ખેડબ્રહ્મા તાલુકાના દીગથલી ગ્રામ પંચાયત તાબાના ગામડાઓમાં મનરેગાનાં કામ શરુ કરવા માટે માંગ થઈ છે. સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ કરી કામોની સૂચી તાલુકા કક્ષાએ મોકલી હોવા છતાં બે મહિનાથી મનરેગાનાં કામ શરુ કરવામાં ન આવતાં કાળઝાળ મોંઘવારીમાં રોજગારીના અભાવે શ્રમજીવીઓ મુશ્કેલીમાં મૂકાયા છે.

સરકાર દ્વારા શ્રમજીવીઓને પોતાના ગામમાં જ રોજગારી મળી રહે તેવા આશય સાથે મનરેગા યોજના અંતર્ગત કામો શરુ કરવામાં આવ્યાં છે. નોધાયેલા શ્રમજીવીઓને જોબકાર્ડના આધારે નિયત માપ અનુસાર રોજગારી આપવામાં આવી રહી છે પરંતુ ખેડબ્રહ્મા તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં જોબકાર્ડમાં નામ હોવા છતાં અનેક શ્રમજીવીઓને રોજગારી માટે અન્ય વિસ્તારોમાં દોડવાની ફરજ પડી છે. તાલુકાની દીગથલી ગ્રામ પંચાયત હેઠળ આવતા કોદરીયા, ઉભાપાર સહિતના વિસ્તારોમાં ૨૦૦ થી વધુ જોબકાર્ડ ધરાવતા શ્રમજીવીઓને વર્તમાન સમયમાં રોજગારીનાં ફાંફાં પડી રહ્યાં છે. છેલ્લા કેટલાક સમયથી મનરેગાનાં કામ શરુ કરવામાં આવ્યાં ન હોવાથી શ્રમજીવીઓને અન્ય સ્થળે મજૂરી કામ માટે જવાની નોબત આવી છે. જ્યારે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા મનરેગા હેઠળ થઈ શકે તેવા કામો શરુ કરવા માટે તાલુકામાં ઠરાવ મોકલી આપવામાં આવ્યો હોવા છતાં કોઈપણ કારણસર કામ શરુ કરવા માટે મંજૂરી આપવામાં ન આવતાં વર્તમાન કાળઝાળ મોંઘવારીમાં જોબકાર્ડ ધરાવતા શ્રમજીવીઓ કફોડી હાલતમાં મૂકાયા છે.

અંબાજી મંદિરને પ્રસાદની ગુણવત્તા માટે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા "BHOG" પ્રમાણપત્ર અપાયું

અંબાજી, તા. ૭

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરના પ્રસાદની ગુણવત્તા માટે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને અંબાજી મંદિરમાં દર્શનાર્થે આવતા માઈભક્તોને આપવામાં આવતા પ્રસાદની ગુણવત્તા બાબતે "BHOG" પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટર શ્રી આનંદ પટેલને અંબાજીના વિકાસ માટે શ્રેષ્ઠ યાત્રાધામ પ્રવાસન વિકાસનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો અને હવે અંબાજી મંદિરના પ્રસાદની ગુણવત્તા માટે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. જેનાથી યાત્રધામ અંબાજીની યશકલગીમાં ઉમેરો થયો છે. માતાજીના દર્શનાર્થે આવતા માઈભક્તોને સારી ગુણવત્તાવાળો પ્રસાદ આપવા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ કટીબધ્ધ છે. તાજેતરમાં ગુજરાત સરકારના ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા અંબાજી મંદિર ખાતે બનાવવામાં આવતા પ્રસાદ અંગે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા નિયુક્ત થર્ડ પાર્ટી ઓડિટ એજન્સી દ્વારા તપાસણી કરી અહેવાલ સુપ્રત કરવામાં આવ્યો હતો. જેના સંદર્ભે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા "BHOG" પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

bhog
SHREE AARASHURI AMBAJI MATA DEVSTHAN
Banaskantha, Gujarat
Certified under
Blissful Hygienic Offering to God (BHOG)
As per benchmarks established by
Food Safety and Standard Authority of India
Shri Arun Singhal, IAS
Chief Executive Officer
fssai

માસ પ્રમોશન પછી ધો.૯માં ગ્રાન્ટેડ વર્ગોના વધારાની સંભાવના

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ધો.૮માં માસ પ્રમોશનના કારણે ધો.૯માં પ્રવેશ સમસ્યાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં ધો.૮માં માસ પ્રમોશન આપવાના નિર્ણય પછી ધો.૯માં માધ્યમિક વિભાગમાં પ્રવેશ સમસ્યાની દહેશત સેવાય છે. માસ પ્રમોશન પછી ધો.૯માં ગ્રાન્ટેડ વર્ગોના વધારાની સંભાવના છે. જ્યારે ગ્રાન્ટેડ વર્ગોને મંજૂરી નહીં મળે તો અનેક શાળાઓ માટે વર્ગો ચલાવવા મુશ્કેલ થઈ શકે છે. જિલ્લામાં ૨૯,૫૫૬ વિદ્યાર્થીઓને ધો.૯માં પ્રવેશ આપવો પડશે જે અનેક વિસ્તારો માટે મુશ્કેલ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કારણે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સતત બીજા વર્ષે ધો.૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનાં નિર્ણય જાહેર કરાયો છે તે જોતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાની ૨૩૦૫ સરકારી અને ૩૩૨ સ્વનિર્ભર શાળાઓમાં અભ્યાસ કરતા ૨૯,૫૫૬ હજારથી વધુ વિદ્યાર્થીઓને ધો.૯માં પ્રવેશ માટે મુશ્કેલી સર્જાય તેવી સંભાવના છે. તમામ વિદ્યાર્થીઓ ધો.૯માં પ્રવેશ મેળવશે જેના કારણે નામાંકિત શાળાઓમાં ધો.૯ ના ગ્રાન્ટેડ સિમિત વર્ગો હોવાના કારણે પ્રવેશ મળશે કે કેમ..?? તે મુદ્દે વાલીઓ અત્યારથી ચિંતિત બન્યા છે. તમામ વિદ્યાર્થીઓને પાસ કરવાના કારણે માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીની સંખ્યામાં આ વર્ષે પણ વધારો થશે તે જોતાં જિલ્લામાં ૪૦ થી વધુ ધો.૯ના વધુ વર્ગો શરુ કરવા પડે તેવી સંભાવના છે. જ્યારે શિક્ષણ વિભાગે પણ ગ્રાન્ટેડ શાળાઓને તાત્કાલિક ધો.૯ ના ગ્રાન્ટેડ વર્ગો આપવા પડશે અન્યથા વાલીઓને વધુ ફી ચૂકવવી પડે તેવી પણ દહેશત ઉભી થઈ છે.

જિલ્લામાં ધો.૮ની સંખ્યા...

જિલ્લો	વિદ્યાર્થી સંખ્યા
સાબરકાંઠા	૧૭,૦૧૦
અરવલ્લી	૧૨,૫૪૬

ખેડબ્રહ્માના દામાવાસ કંપા ખાતે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

ખેડબ્રહ્મા,તા.૭

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્માના દામાવાસ કંપા ખાતે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જયોતિ મંદિરનો ત્રિ-દિવસીય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર તથા અન્ય રાજયોમાંથી કચ્છી પાટીદાર સમાજના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહોત્સવના બીજા દિવસે સંતોના સામૈયા તથા નગર શોભાયાત્રા નીકળી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય સંરક્ષકશ્રી અખિલ ભારતીય સંત સમિતિના સભ્ય અને નિષ્કલંકી નારાયણ તીર્થધામ પ્રેરણાપીઠ, અમદાવાદના પ.પૂ. જગદગુરુ સંત પંથાચાર્ય જ્ઞાનેશ્વરદાસજી મહારાજ ના અધ્યક્ષ સ્થાને સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો સાથે સંતકૃપા આશ્રમ ફૈજપુર, મહારાષ્ટ્ર અને અખિલ ભારતીય સંતસમિતિના કોષાધ્યક્ષ શ્રી મહામંડલેશ્વર સતપંથરત્ન શ્રી જનાર્દન હરીજી મહારાજ, વડોદરાના કાન્તિકારી સંતશ્રી શિવરામદાસજી મહારાજ, દશક્રોઈના ધારાસભ્ય બાબુભાઈ જે. પટેલ તથા પાટીદાર સમાજના સંતો-મહંતોએ ધર્મસભામાં ઉપસ્થિત સાત હજાર જેટલી પાટીદાર જનમેદનીને સંતવાણી તથા આશિર્વચનનો લાભ આપ્યો હતો. આ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાના ત્રિ-દિવસીય કાર્યક્રમમાં કુવારીકાઓનુ તથા વહુઆરુઓ તથા જમાઈઓનુ તથા વડીલોનુ ૬૭ કંપા વતીથી સન્માન કરવામાં આવ્યુ હતુ.

સમગ્ર ત્રિ-દિવસીય કાર્યક્રમનુ સંચાલન સુરેશભાઈ પટેલ, આચાર્ય જયોતિ હાઈસ્કૂલ, દિનેશભાઈ પટેલ મંત્રી, કચ્છ કડવા પાટીદાર સમાજ, દિનેશ પટેલ પ્રાધ્યાપક, અશ્વિનભાઈ પટેલ અમદાવાદ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

લોકમંગળ વિદ્યાલય બેલ્યોની વિદ્યાર્થિનીની ચેસ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પસંદગી

મેઘરજ, તા. ૭

શ્રી લોક મંગળ વિદ્યાલય ડચકા - બેલ્યોની વિદ્યાર્થીની ડામોર ગીતાબેન પ્રવિણભાઈ એ ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત ચેસની સ્પર્ધામાં અરવલ્લી જિલ્લા લેવલે બીજો નંબર પ્રાપ્ત કરી રાજ્યકક્ષા એ પસંદગી પામેલ છે. ડામોર ગીતાબેનની આ વિશેષ સિધ્ધિ તેમજ શાળા અને ગામનું નામ રોશન કરવા બદલ શાળાના પ્રિન્સિપાલ ભાવેશ ચૌધરી તેમજ શાળા પરિવાર દ્વારા ગીતાબેનને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. એક અંતરિયાળ વિસ્તારની વિદ્યાર્થિની ચેસ જેવી રમતમાં વિશિષ્ટ કૌશલ્ય ધરાવે છે તે બદલ શાળા પરિવાર ગર્વની લાગણી અનુભવે છે.થોડા સમય પહેલા આ જ વર્ષે કલા મહોત્સવ સ્પર્ધામાં પણ શાળાના બે વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ વકતૃત્વ અને નિબંધ સ્પર્ધામાં નંબર મેળવી ચૂક્યા છે,,, વિદ્યાર્થીના કૌશલ્યોને પારખી તેમને મંજિલ સુધી પહોંચાડવાનું કામ અહીંનો શાળા પરિવાર કરે છે.

જિલ્લા કક્ષાનો "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' ૨૬ મેં ૨૦૨૨ ના રોજ યોજાશે

બાયડ તા.૭

જિલ્લા કક્ષાએ "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" તા. ૨૬/૦૫/૨૦૨૨ (ગુરુવાર)ના રોજ ૧૧.૦૦ કલાકે અરવલ્લી જિલ્લા કલેકટર કચેરી મોડાસા ખાતે યોજવામાં આવશે. જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંગેના પ્રશ્નો બે નકલમાં અરજદારશ્રીઓએ ૧૬/૦૫/૨૦૨૨ સમય ૧૬:૦૦ કલાક સુધીમાં કલેકટર કચેરી ખાતે મોકલી આપવાના રહેશે.

આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગેના, કોર્ટમાં કેસો ચાલુ હોય તે બાબતના, ન્યાયિક કે અર્ધન્યાયિક બાબતને લગતા પ્રશ્નો તેમજ આ કાર્યક્રમમાં અગાઉ રજૂ થયેલ પ્રશ્નો ફરીથી રજૂ કરવાનાં રહેશે નહી. વધુમાં, પ્રથમવાર અરજી કરતાં હોય તેવા પ્રશ્ન પણ રજૂ કરવા નહિ તેમજ એક અરજીમાં એક જ પ્રશ્ન મોકલી શકાશે. અરજીના મથાળે સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટેની અરજી એમ લખાવાનું રહેશે. અરજી બે નકલમાં જરૂરી પુરાવા સાથે આપવાની રહેશે. એમ જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી એન.ડી.પરમાર અરવલ્લી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

અવસાન નોંધ

તલોદ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ શ્રીમતી રચના બેન ગાંધી ના સસરા શ્રી ચીનુભાઈ દલસુખદાસ ગાંધી નું તારીખ ૬/૫/૨૨ ના રોજ ટુંકી માંદગી બાદ અવસાન થયેલ છે સદગત નું બેસણું તારીખ ૮/૫/૨૨ ને રવિવાર ના રોજ તેમના નિવાસસ્થાને ૩.૦૦થી ૫.૦૦ દરમિયાન રાખેલ છે

જન્મદિને વધામણી

દુર્ગેશ ભાઈ એન.બારોટ
આકૃંદ તા.ધનસુરા

માર્ગી પ્રકાશભાઈ ખત્રી
ધનસુરા



કે. બી.પટેલ
નિવૃત્ત ઇજનેર
અરજનવાવ તા. બાયડ